દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૦ વર્ષ

રવિવાર ૧૯ માર્ચ, ૨૦૨૩

# કિરણ પટેલે સાબિત કરી આપ્યુ કે ભારતની સુરક્ષા વ્યવસ્થામાં ગંભીર છીંડા છે

પ્રાઇમ મિનિસ્ટર ઓફિસ (પીએમઓ)ના અધિકારી હોવાનું કહીને જમ્મુ કાશ્મીરમાં ઝેડ પ્લસ સિક્યુરિટી તેમજ બુલેટ પ્રુફ કાર મેળવીને વીવીઆઈપી સુવિધા મેળવી હોટલમાં રોકાયેલા મહાઠગ કિરણ પટેલની જમ્મુ કાશ્મીર પોલીસે ધરપકડ કરી છે. પોલીસે તેના 15 દિવસના રિમાન્ડ મેળવ્યા છે. કિરણ પટેલ મૂળ અમદાવાદના મણીનગર ઘોડાસરનો રહેવાસી છે. તે ઘોડાસરના પ્રેસ્ટિજ બંગલો ખાતે રહેતો હતો. તે પોતે એન્જિનિયર છે અને તેની પત્ની વ્યવસાયે ડોક્ટર છે. પોતાની વાક છટાથી ભલભલાને શીશામાં ઉતારી લેનાર કિરણ પટેલ હાઇફાઇ લાઈફ સ્ટાઈલ જીવવાનો શોખ ધરાવતો છે. તે ફાંકડુ ઈંગ્લિશ બોલે છે, એટલે પહેલી જ મુલાકાતમાં કોઈને પણ આંજી દે તેવી સ્ટાઇલ છે. તેની સાથે વાત કરનાર સામેવાળો વ્યક્તિ તેનાથી પ્રભાવિત થઈ જાય છે. તેણે પોતાના સોશિયલ મીડિયાના પ્રોફાઇલમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સાથેના ફોટા, આઈઆઈએમમાં લેક્ચર આપતો હોય તેવા ફોટા રાખતો હતો. તેણે રોફ જમાવવા માટે પીએમઓનું નકલી કાર્ડ પણ બનાવ્યું હતું, જેમાં પોતે પીએમઓ દિલ્હીના એડિશનલ ડાયરેક્ટર હોવાનું જણાવ્યું હતું.

કિરણ પટેલ ભાજપ અને સંઘ સાથે જોડાયેલો તથા પીએમઓમાં હોવાનું લોકોને કહેતો હતો. આમ કહી લોકોને પોતાની વાતોમાં ભોળવી દેતો હતો. તેના ભાજપના અનેક પૂર્વ મંત્રીઓ તથા નેતાઓ સાથે ખૂબ નજીકના સંબંધો હતા. કેટલાય આઈએસ અને સિનિયર અધિકારીઓને મનપસંદ જગ્યાએ પોસ્ટિંગ અપાવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ ઉપરાંત કિરણ પટેલે મોદી ફાઈલ નામનો વોટ્સઅપ ગ્રુપ બનાવ્યું હતું. આ ગ્રુપમાં ગુજરાતના સિનિયર અધિકારીઓ, રાજકારણીઓ તેમજ પત્રકારો પણ સામેલ હતા. આ કિરણ પટેલ ઓક્ટોબર 2022 થી કાશ્મીરમાં રહેતો હોવાનું અને સરકારી ખર્ચે તાગડધિન્ના કરતો હતો. આ સમગ્ર ઘટના અંગે કિરણ પટેલની ડોક્ટર પત્ની માલિની પટેલે બચાવ કરતા કહ્યું હતું કે કિરણ તો અત્યારે શ્રીનગરમાં છે. તેને ફસાવવામાં આવ્યો છે. અમે ક્યારેય ક્યાંય કશું ખોટું કર્યું નથી. કિરણને પીએમઓમાં બધા સારી રીતે ઓળખે છે. કોઈ તમારી પાછળ પડી ગયું છે અને ખોટી રીતે ફસાવી રહ્યું છે. કિરણ પટેલે તો ઠગ છે. તેનું કામ જ ઠગાઇ કરવાનું છે. તેણે જે કર્યું તે તેનો સ્વભાવ છે પરંતુ આપણે તેની નહીં આપણી વાત કરવાની છે. વાત છે આપણા દેશની સુરક્ષાની.



હાલમાં દેશની સ્થિતિ એવી છે કે, જો કોઇ પત્રકાર કે બિઝનેશમેને પણ વીઆઇપી રાજકારણી પાસે પહોંચવું હોય તો અનેક કોઠા પાર પાડવા પડે છે. સુરક્ષા કર્મચારી તેની ડ્યૂટી કરે તેમાં કંઇ ખોટું પણ નથી પરંતુ જમ્મુ અને કાશ્મીર જેવા સંવેદનશીલ રાજ્યમાં આવો ઠગ ઉચ્ચ અધિકારીઓને ઊંઠા ભણાવવામાં સફળ રહે તે આપણા દેશની સુરક્ષા વ્યવસ્થા ઉપર પ્રશ્નાર્થ છે. કોઇપણ જાતની તપાસ વગર તે કેવી રીતે ઝેડ સિક્યુરિટીમાં ફરતો થઇ ગયો. આવું તો કોઇ સંજોગોમાં થવું ન જોઇએ. કિરણ પટેલ તો એક ઠગ છે પરંતુ આવી ઠગાઇ કોઇ આતંકવાદી સંગઠન પણ કરી શકે છે. આમ પણ આપણા દેશના દિગ્ગજ નેતાઓ તેમના રડારમાં હોય છે.

જો ઠગની જગ્યાએ કોઇ આતંકવાદી હોય તો શુ કરવાનું. હવે કિરણ પટેલે ભલે ઠગાઇ કરી પરંતુ તેણે જે રીતે દેશની સુરક્ષા વ્યવસ્થાની છીંડા ઉજાગર કર્યા છે તેના ઉપરથી દેશે બોધપાઠ તો લેવો જ પડશે. આ કિસ્સામાંથી બોધ લઇને હવે સુરક્ષા અધિકારીઓએ આગળ વધવું પડશે.

## જાત મહેનત

એક સંત હતા. તેમની ખ્યાતિ ચારેકોર ફેલાયેલી હતી.તેમની પાસે અનેક શિષ્યો જ્ઞાન મેળવવા આવતાં પણ સંત બધાનો શિષ્ય તરીકે સ્વીકાર કરતા નહિ. જે પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેનો શિષ્ય તરીકે સ્વીકાર કરતા.એક દિવસ રાજાનો કુંવર સંત પાસે ગયો અને કહ્યું, “મને દીક્ષા આપો. મારે તમારા શિષ્ય બની જ્ઞાન મેળવવું છે.”

સંતે કહ્યું, “હું જે આવે તે બધાને શિષ્ય બનાવતો નથી. પરીક્ષામાં ઉત્તીર્ણ થાય તેને શિષ્ય બનાવું છું.” કુંવરે કહ્યું, “સંતશ્રી હું તો રાજાનો કુંવર છે.” તેને બોલતો અટકાવતા સંત બોલ્યા, “મારા માટે બધા જ સરખા છે અને પરીક્ષા તો તારે આપવી પડશે.” કુંવર પરીક્ષા આપવા તૈયાર થયો.

સંતે તેના હાથમાં એક નાનો પટારો આપ્યો અને કહ્યું, “પહેલાં, મારા મિત્રના ઘરે જઈ તેને આ પટારો આપી આવ.તું પટારો આપીને આવીશ પછી હું નક્કી કરીશ કે મારે તને શિષ્ય બનાવવો કે નહિ.” પોતાને મળેલો પટારો અને સરનામું લઇ કુંવર નીકળ્યો.




રાજકુંવરને જે પટારો સંતે આપ્યો હતો તેમાં બહુ વજન હતું અને રાજકુંવર વજન ઉપાડવાથી ટેવાયેલો ન હતો એટલે તેને વધુ વજન લાગતું હતું. કુંવરે આજુબાજુ નજર દોડાવી કે કોઈ દેખાય તો તેને પટારો ઉપાડવાનું કહી શકાય.એક માણસ ત્યાંથી જતો હતો.તેને બોલાવ્યો અને પોતાની ઓળખાણ અને પૈસા આપી આ પટારો ઊંચકી પોતાની સાથે આવવા કહ્યું. બંને જણ સંતે આપેલા સરનામે પહોંચ્યા અને કુંવરે સંતના મિત્રને કહ્યું, “સંતશ્રીએ આપના માટે આ પટારો મોકલ્યો છે ક્યાં મુકવાનો છે તે કહો એટલે આ માણસ ત્યાં મૂકી દે.” સંતના મિત્રે જ્યાં કહ્યું ત્યાં માણસ પટારો મૂકી ..કુંવર પાસેથી પૈસા લઇ સલામ કરી ગયો.

પેલા માણસના ગયા પછી સંતના મિત્ર તરત બોલ્યા, “સંત તમને શિષ્ય નહિ બનાવે..” કુંવર બોલ્યો, “કેમ એમ કહો છો ..?.”મિત્ર બોલ્યા, “કુંવર ,આ તમારી પરીક્ષા હતી ....જેમાં તમે નિષ્ફળ ગયા છો ..સંતે તમને મને પટારો આપવાનું કામ સોપ્યું તમે તે કામ પૈસા આપી બીજા પાસે કરાવ્યું ..એક પૈસાનું અભિમાન અને બીજું જાતમહેનત ન કરવાની ખામી.તમને સંત શિષ્ય નહિ બનાવે.”કુંવરે સંત પાસે જઈ તેમને બધી વાત જણાવતા માફી માંગી સંતે કહ્યું, “કુંવર ,પહેલાં જાત મહેનત કરો અને અભિમાન છોડો. પછી શિષ્ય બનવા આવજો.” કુંવરે...રાજકુંવર હોવાનું અભિમાન છોડી પોતાના બધા કામ જાતે કરવાનું નક્કી કર્યું.

# શ્રીલંકા માટે IMFની લોન મંજૂરીના આરે, પણ મધ્યમ વર્ગ માટે રાહત હજુ પણ દૂર



## વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહેલા શ્રીલંકા માટે માર્ચની શરૂઆતમાં સારા સમાચાર આવ્યા છે. ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ દ્વારા ૨.૯ બિલિયન ડોલરનું પેકેજ મંજૂર થઈ ગયું છે. એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બેંક ઓફ ચાઈનાએ IMFને શ્રીલંકાના ડેટ રિસ્ટ્રક્ચરિંગ પ્રોગ્રામને ટેકો આપતા પત્ર લખ્યો છે, જે લોનની અંતિમ મંજૂરી મેળવવા માટે મહત્વપૂર્ણ છે. સવા બે કરોડની વસતી ધરાવતો આ દેશ તેના ૭૦ વર્ષના ઈતિહાસના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. શ્રીલંકાએ તેના ૪૬ બિલિયન ડોલરના વિદેશી દેવા સામે નાદારી જાહેર કર્યા પછી ગયા વર્ષે ૧૮ માર્ચે ઔપચારિક રીતે IMFની મદદ માંગી હતી. IMF પ્રોગ્રામ શ્રીલંકા માટે ખૂબ જરૂરી છે અને શ્રીલંકા તે મેળવવા સપ્ટેમ્બરથી પ્રયાસ કરી રહ્યું છે.

જોકે IMF બેલઆઉટ પ્લાનના વિરોધમાં શ્રીલંકાના યુનિયનોએ હડતાળ પાડી છે. IMF દ્વારા ૨.૯ બિલિયનની લોનની પૂર્વશરત તરીકે કરવેરાના દર વધારવાનું સૂચવવામાં આવ્યું છે. જાહેર ક્ષેત્રના કામદારો સરકારને કરવધારો પાછા ખેંચવા માંગ કરી રહ્યા છે. સમગ્ર શ્રીલંકામાં હોસ્પિટલો, શાળાઓ અને રેલવેના હજારો કામદારો IMF બેલઆઉટની પૂર્વશરત તરીકે લાદવામાં આવેલા વધારાના કર સહિત જીવનનિર્વાહના ઊંચા ખર્ચના વિરોધમાં હડતાળ પર ઉતર્યા છે. ૪૦થી વધુ ટ્રેડ યુનિયનો હડતાળમાં જોડાતા શાળાઓની ટર્મ ટેસ્ટ અને હોસ્પિટલોની ઓપીડી રદ કરવામાં આવી હતી.

કોલંબોના મુખ્ય બંદર ઉપરાંત ૧૪ જેટલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પણ હડતાળની અસર જોવા મળી. સશસ્ત્ર સૈનિકોને રેલવે સ્ટેશનો તેમજ બંદરો પર તૈનાત કરી સરકારે આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. સરકારે ઑફિસ કર્મચારીઓને કોલંબો પહોંચાડવા ૨૦ ટ્રેનો ચલાવી હતી, પરંતુ યુનિયનોના જણાવ્યા અનુસાર આ સંખ્યા દૈનિક ટ્રાફિકના પાંચ ટકાથી ઓછી છે. સરકારે રાજ્ય સંચાલિત બસો કાર્યરત રાખવાનો અસફળ પ્રયાસ પણ કર્યો. જાન્યુઆરીથી આવકવેરામાં થયેલા તીવ્ર વધારાના વિરોધમાં વ્યવસાયિકો પણ ટ્રેડ યુનિયનો સાથે જોડાયા છે. સરકારે ચેતવણી આપી છે કે, આવશ્યક સેવાઓને અસર કરતી હડતાળ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ છતાં હડતાળ પાડવામાં આવી હતી. સરકારે જણાવ્યું હતું કે, શ્રીલંકા અત્યારે ખૂબ જ સંવેદનશીલ બિંદુ પર છે અને જનતાએ આ સમજવું અને સરકારને સમર્થન આપવું મહત્વપૂર્ણ છે. જો સરકારની આવકમાં સુધારો થશે તો જાહેર ક્ષેત્ર જ તેનું સૌથી પહેલું લાભાર્થી હશે. વોશિંગ્ટન સ્થિત આઈએમએફનું એક્ઝિક્યુટિવ બોર્ડ ૨૦ માર્ચે શ્રીલંકા અંગે નિર્ણય લેવાનું છે અને ચાર વર્ષના ગાળામાં નવ હપ્તામાં અપાનાર લોનનો પ્રથમ હપ્તો જાહેર કરે તેવી અપેક્ષા છે. વાટાઘાટોમાં સામેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે IMF કર સુધારણાનો વિરોધ અને સામાજિક અશાંતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે.

૨૦૨૧ના અંતથી શ્રીલંકામાં અભૂતપૂર્વ આર્થિક કટોકટી વચ્ચે વધતો ફુગાવો, ખોરાક, દવા અને ઈંધણની અછત તેમજ બેરોજગારને કારણે પરિવારોની હાલત કફોડી થઈ ગઈ છે. લોકોના વિરોધના પગલે ગયા વર્ષે જુલાઈમાં રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને હટાવવામાં આવ્યા હતા. શ્રીલંકાની આર્થિક મંદી ભૂખમરા તરફ જઈ રહી છે અને દેશના અડધોઅડધ પરિવારોને ભોજન પાછળ થતો ખર્ચ ઘટાડવાની ફરજ પડી છે. હડતાળના એક દિવસ પછી ‘સેવ ધ ચિલ્ડ્રન’દ્વારા પ્રકાશિત અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે, શ્રીલંકાની સરકાર અને આંતરરાષ્ટ્રીય સમુદાયે દેશના બાળકોને ભૂખમરાથી બચાવવા પગલાં લેવા જોઈએ. ૧૦માંથી ૯ ઘરો તેમના બાળકોને પોષક આહાર આપી શકતા નથી. આમ, ભારતના બંને પાડોશી દેશો શ્રીલંકા અને પાકિસ્તાન બહારની મદદ ઉપર આધારિત રહી પોતાની અર્થવ્યવસ્થા સ્થિર કરવા માટે કામે લાગ્યા છે અને એમાં હાલના તબક્કે કાંઈક સફળ થતાં હોય એવું પણ દેખાય છે. આમ છતાં આ બંને દેશોમાં લાંબા ગાળાની શાંતિ સ્થપાય અને અર્થવ્યવસ્થા સ્થિર થાય તેને કેટલો સમય લાગશે તે અંગે તો રાહ જોવી જ રહી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ઉત્તર પ્રદેશમાં યોગીજીનાં શક્તિપાઠ અને રામલીલા

## યે મેરા ઈન્ડિયા

વિનોદ પંડ્યા

ભારતની લઘુમતીઓ માટે પ્રજાના સામુહિક માનસ દ્વારા એવું વલણ જાળવવામાં આવ્યું હતું કે તેઓ લઘુમતી છે તેથી બહુમતીએ તેઓનો ખાસ ખ્યાલ રાખવો જોઈએ. આઝાદી બાદ પચાસ - સાઠ વરસ સુધી આ ભાવના ટકી રહી હતી. મુસ્લિમોને હજ માટે સબસીડીઓ અપાઈ, રાજભવનમાં અને હિન્દુ નેતાઓને ત્યાં ઈફતાર પાર્ટીનાં આયોજનો થતાં હતાં. નેતાઓ ખભા કે માથા પર તાસક ઊંચકી લીલી ચાદરો ચડાવવા જતા અને આ બધા પ્રસંગોની ખાસ તસવીરો ખેંચાવી પ્રસિદ્ધ કરાવતા મુસ્લિમ સમાજ પ્રત્યેની આટલી મહોબ્બત વાસ્તવમાં મતો અને સત્તા મેળવવા માટેની મહોબ્બત હતી. અન્યથા, ‘ધર્મનિરપેક્ષતા અમારો પાયાનો સિદ્ધાંત છે અને તેની જાળવણી માટે અમે કંઈ પણ જતું કરવા તૈયાર છીએ એવું 2014 અગાઉ વારંવાર બોલનાર નીતીશ કુમાર ભારતીય જનતા પક્ષની ગોદમાં વારંવાર શા માટે જઈ બેસે! સત્તા માટે જ.

મુસ્લિમોને સમજાયું કે અમારા થકી કોંગ્રેસ, સમાજવાદી પક્ષ, સામ્યવાદીઓ વગેરે સત્તા ઈચ્છે છે અને હિન્દુઓને સમજાયું કે અમુક ટકા મતપ્રાપ્તિ માટે એ પક્ષો લઘુમતીઓનું તુષ્ટિકરણ કરે છે અને બહુમતી હિન્દુઓની અવગણના કરે છે. પરંતુ આ સમજાયું ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું છે. સામ્યવાદી પક્ષ ઈશ્વરમાં માનતો નથી, છતાં ભારતનો સામ્યવાદી પક્ષ ઈસ્લામને માન્યતા આપે છે, પરંતુ હિન્દુત્વ તેને સ્વીકાર્ય નથી. આથી સામ્યવાદી પક્ષના નેતા સીતારામ યેચૂરી તાસક ઉપાડીને દરગાહ પર જતાં જોવા મળે. હિન્દુ મંદિરમાં જતાં જોવા નહીં મળે. બીજી તરફ હિન્દુઓને એમ પણ લાગવા માંડયું કે હિન્દુ સમાજે એકત્ર થવાની જરૂર છે.

આ ભાવનાનો પ્રથમ રેલો સવાયા મુસ્લિમ સોનિયા ગાંધી એન્ડ હર ફિલ્સની બેઠકો નીચે આવ્યો. રાહુલે પોતાનાં જૂઠાં મૂળ શોધી કાઢયાં. ભરદ્વાજ ગૌત્રનું મૂળ બતાવી જનોઈ ધારણ કરી. પ્રિયન્કાએ સાડી પહેરીને ગંગા કિનારેનાં મંદિરોમાં જઈ પૂજા અર્ચના કરી.

એમ તો કાશ્મીરના મેહબૂબા મુફતીએ હમણાં મંદિરમાં જઈ શંકરના લિંગ પર જલાભિષેક કર્યો. હિન્દુઓએ આ સૌહાર્દનો ઉત્તર સૌહાર્દથી આપવો જોઈએ. બધા જાણે છે કે મુસ્લિમોમાં સારાં લોકોનો અભાવ નથી, પરંતુ લડાયક તત્ત્વોએ સજ્જનોનો અવાજ દબાવી દીધો છે. હવે લડાયક તત્ત્વોએ પાછી પાની કરવાની ફરજ પડી રહી છે પણ અગાઉ દરેક ધર્મના લોકોએ સમતાનો આશરો લીધો હોત તો આજે જે સ્થિતિ પેદા થઈ છે તે ટાળી શકાઈ હોત.

હિન્દુત્વનો દાબડો હવે ખૂલી ગયો છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં તેનું બોલકું સ્વરૂપ જોવા મળી રહ્યું છે. યોગી આદિત્યનાથ ઈસ્લામને નુકસાન પહોંચાડતાં નથી પરંતુ હિન્દુત્વની રેખા લંબાવી રહ્યા છે.એક મસ્જિદની બહાર મરેલું ડુક્કર ફેંકી ગયેલા હિન્દુ યુવકોની એમણે ધરપકડ કરાવી છે. જ્યારે ઈસ્લામની તહેવારો, રીતો, રસમોને આદર મળે તેવા પ્રસંગોમાં નેતાઓ લોકપ્રિય થવા હાજરી આપતા હતા તો તેઓ હિન્દુઓને વધુ મહત્ત્વ અપાય તેની ટીકા કઈ રીતે કરી શકવાના? તેઓને પણ હિન્દુ મતો ગુમાવવાનો ડર છે. હિન્દુઓનાં સાર્વત્રિક માનસમાં હિન્દુઓની સનાતન પંથની અવગણના થતી હોવાના ભાવે જગ્યા જમાવી હતી. યોગીજી એ ભાવનાને સંબોધી રહ્યા છે.ભારતની આજ સુધીની સેંકડો આવી ને ગયેલી કે વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકારોનાં શાસનમાં આજ સુધી જે થયું ન હતું તે હવે થવા જઈ રહ્યું છે.

ઉત્તરપ્રદેશમાં જીર્ણ થયેલાં મંદિરોનો યોગી સરકાર જીર્ણોધ્ધાર કરાવી રહી છે. એ મંદિરો સાથે નવી સવલતો તૈયાર થઈ રહી છે. રાજ્યમાં તીર્થાટન અને પર્યટન ઉદ્યોગને જીવંત બનાવવાના ઈરાદાઓ સાથે લખનૌ શહેરમાંના તેમજ આસપાસનાં તમામ પ્રાચીન તેમજ મહત્ત્વનાં દેવાલયોનો જીર્ણોધ્ધાર થઈ રહ્યો છે. તેઓને ફરીથી ભવ્ય સ્વરૂપ અપાઈ રહ્યું છે. લખનૌમાં લોકેશ્વર મહાદેવ મંદિર, મંદાબીર બાબા, મંગલમેશ્વર ધામ તેમજ વિશ્વકર્મા વગેરે મંદિરોનો જીર્ણોધ્ધાર ચાલી રહ્યો છે.અમુકનાં કામકાજો પૂરાં થઈ ચૂક્યાં છે. જેમ કે આલમ બાગકાતેનું મંદિર બાબા મંદિરનો જીર્ણોધ્ધાર થયા પછી તે ભવ્ય જણાઈ રહ્યું છે.

ત્યાં બેસવા ઉઠવાની આરોગ્ય, પ્રકાશ અને અન્નજળની સુંદર વ્યવસ્થાઓ ઊભી કરાઈ છે. જીર્ણોદ્ધારનાં કાર્યો 2018માં શરૂ થયાં હતાં. હમણાં યોગી સરકારે જે નવો નિર્ણય લીધો છે તે સમાજવાદી પક્ષ અને કોંગ્રેસને ખૂબ અકળાવતો હશે, પણ મતદારોનો આદર જાળવી રાખવા તેઓ મૌન જ રહેવાનું પસંદ કરશે. સ્વામી પ્રસાદ મૌર્ય જેવા ઓલરેડી અપલખણા પુરવાર થયેલા નેતાઓના મુખે વિરોધની ચણભણ રજૂ કરશે. પરંતુ પક્ષોના પ્રમુખ નેતાઓ મૌન જ રહેશે. જો કે તેઓ સમજે છે કે યોગીએ હિન્દુઓને પડખે કર્યા છે એટલા તેઓ પોતે હવે નહીં કરી શકે છતાં નિરપેક્ષ હિન્દુઓને તેઓ નારાજ કરવા માગતા નથી. તેઓએ ભવિષ્યમાં પણ રાજનીતિનો ધંધો જ કરવાનો છે.

જે બનાવટી ધર્મનિરપેક્ષ દળો છે તેઓ બેચેન અને વ્યગ્ર છે. થોડા સમય અગાઉ ભારતીય જનતા પક્ષમાં હતા ત્યારે સ્વામી પ્રસાદ મૌર્ય માટે રામચરિત માનસ એક પવિત્ર ગ્રંથ હતો. પણ પક્ષમાંથી નીકળ્યા બાદ કિનારાઓનો ઓવાળ બની ગયેલા મૌર્યને રામચરિત માનસમાં ગંભીર ક્ષતિઓ નજરે ચડવા લાગી. આજની નવી પેઢી તો ધર્મ, પંથ, સંપ્રદાયના કોઈ ભેદભાવોમાં માનતી નથી. છતાં મૌર્ય જેવા આધેડ અને વૃદ્ધ પેઢીને બોલીને દુઃખી કરી શકે. મૌર્યનો ઈરાદો ચૂંટણીલક્ષી છે. સુધારણાલક્ષી નથી. તો પણ સારો એવો વિવાદ જગાવવામાં એ સફળ રહ્યા. પરંતુ એ વિવાદ જગાવવામાં જ સફળ રહ્યાં. તુલસી દાસના એ જૂના વાક્યનો મૌર્ય જે અર્થ કાઢે છે એ અર્થને અનુરૂપ સનાતન સમાજનું કોઈ પણ અંગ આજે વ્યવહાર કરતું નથી. ક્રમશઃ સમરસતા વધી રહી છે અને તુલસીદાસજીનો સમય જૂનો સમય હતો. આજે એ રહ્યો નથી. માત્ર રાજકીય લાભ ખાટવા વિવાદ ચગાવ્યો હતો અને મૌર્યને બોલવાનો અધિકાર છે તે બાબતમાં પણ મિનમેખ નથી.

યોગીજી આ સ્થિતિમાં એક નવું શસ્ત્ર લઈ આવ્યા છે, જેથી વિઘટનવાદી તત્ત્વોની ચાલને નિષ્ફળ બનાવી શકાય. આ બાવીસમીથી ત્રીસમી માર્ચ સુધી ચૈત્રી નવરાત્રિમાં યુપીના દુર્ગા ભવાની મંદિરો અને શક્તિપીઠોમાં દુર્ગા સપ્તશતીના પાઠ, દેવી જાગરણ અને ભજનોના કાર્યક્રમો યોજાશે અને તે માટે સરકાર પ્રત્યેક શક્તિસ્થળ દીઠ રૂપિયા એક લાખની સહાય આપશે. સાથે સાથે શ્રી રામ નવમીના તહેવાર નિમિત્તે અખંડ રામાયણનો પાઠ થશે.

આ માટેની તજવીજ કરવાના આદેશો જિલ્લા મેજિસ્ટ્રેટોને અપાય છે. આ પ્રસંગોમાં બાળકો, બહેનો વગેરેની વિશેષ હાજરી રહે તે બાબત પર ધ્યાન અપાશે. આયોજનોની સફળતા માટે જિલ્લા મેજિસ્ટ્રેટો દ્વારા એક સમિતિ રચવામાં આવશે. હવે તે નિમાઈ પણ ચૂકી હશે.

સરકારના નેતૃત્વ હેઠળ આ પ્રકારનું આયોજન પ્રથમ વાર થઈ રહ્યું છે.અમુક રાજકીય નેતાઓ બંધારણની દુહાઈ આપી તેનો વિરોધ કરી રહ્યા છે પરંતુ અગાઉ રાજભવનો અને મુખ્યમંત્રીઓના સરકારી નિવાસો ખાતે સરકારી ખર્ચે ઈફતાર પાર્ટીઓ યોજાતી હતી તેની તેઓને યાદ અપાવાય છે. સમાજવાદી પક્ષના શાસન વખતે ઉત્તરપ્રદેશમાં કબ્રસ્તાનોનાં બાંધકામ અને સમારકામ માટે સરકાર દ્વારા રૂપિયા 1200 (બારસો) કરોડની તોતિંગ રકમ ફાળવવામાં આવી હતી તે બાબતને પણ તેઓને યાદ અપાવાય છે.

સપાના સ્વામી પ્રસાદ મૌર્યે એમ કહીને વિરોધ કર્યો છે કે સામાન્ય માણસોએ રામચરિત માનસનું વાચન પઠન છોડી દીધું છે ત્યારે સરકાર આવો ખર્ચ કરી રહી છે. મૌર્યની વાત સાચી નથી. વાસ્તવમાં મૌર્યને ખબર નથી કે જયારથી એણે રામચરિત માનસમાં ભૂલો કાઢવાનું શરૂ કર્યું છે ત્યારથી એ પવિત્ર ગ્રંથનું વેચાણ ખૂબ વધી ગયું છે.

પ્રકાશક ગીતા પ્રેસનું કહેવું છે કે વિવાદ વાદ વેચાણ ખૂબ વધી ગયું છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય પુસ્તક મેળામાં પ્રથમ દિવસે જ આ દળદાર ગ્રંથની 200 બસ્સો કોપી વેચાઈ ગઈ હતી. યુપીના સાંસ્કૃતિક બાબતોના પ્રધાન જયવીરસિંહે જાહેરાત કરી છે કે જરૂર પડી તો સરકાર વધુ નાણાં ફાળવશે. મોહમ્મદ રફીએ ગાયું હતું ‘રામ કી લીલા રંગ લાઈ, શ્યામને બંસી બજાઈ’. આ કડીઓને યાદ રાખીને શાંતિ જળવાય એવી પણ અપેક્ષા રહે છે. રામાયણ અને રામજીનું પાત્ર સદાચાર, શાંતિ, સમરસતા, સહનશીલતા અને તિતિક્ષા શીખવે છે. માટે તે થાય તો કોઈએ ડર રાખવાની જરૂર નથી.

-આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

### પંજાબના ભડકા માટે જવાબદાર કોણ ?

હાલ પંજાબની ખાલીસ્તાન ચળવળ અંગે દેશભરમાં ચર્ચા અને ચિંતા છે. ‘ગુજરાતમિત્ર’ના તંત્રી લેખમાં અને લે. સમકિત શાહના ‘ટુ ધ પોઈન્ટ’ વિભાગમાં આ મુદ્દે સવિસ્તર માહિતી રજૂ થઈ છે. આ મુદ્દે કેટલીક વાતો પ્રજાએ વિચરવા જેવી છે. પંજાબમાં ફાટીને ધુમાડે ચડેલા ખાલીસ્તાનવાદીઓ સરેઆમ હિંદુઓની કત્લેઆમ કરતા હતા, એમને ઠેકાણે પાડવા પ્રધાનમંત્રી ઈંદિરાજીએ જબ્બર સાહસ કરીને તા. 1 થી 10 જૂન 1984 દરમ્યાન સુવર્ણ મંદિર સંકુલમાં ભરાયેલા 500થી વધુ આંતકીઓ વિરુધ્ધ ઓપરેશન બ્લ્યુસ્ટાર કરીને તમામ આતંકીઓને ઠાર માર્યા હતા. આના કારણે ખાલીસ્તાનવાદીઓની કમર તૂટી ગયેલી. ત્યાર બાદ શીખ રક્ષકોએ 31/10/84ના રોજ ઈંદિરાજીની હત્યા કરતાં દેશભરમાં શીખો વિરૂદ્ધ રમખાણો થયેલાં, જેના કારણે દિલ્હીમાં 3000 જેટલા શીખોની કત્લેઆમ થયેલી. ત્યારબાદ સત્તામાં આવેલી તમામ કેન્દ્ર સરકારોએ સમયે સમયે જરૂરી પગલાં ભરીને ખાલીસ્તાનની આગને ઠારી દીધેલી અને તે લગભગ ભુલાઈ ગયેલી, પરંતુ ગુજરાતમાં મોદી સત્તામાં આવ્યા પછી ગુજરાતમાં અનેક દંગા થયા. મોદી સામે પસ્તાળ પડી જેથી પોતાની છબિ સુધારવા મોદીએ ત્યાર બાદની તમામ ચૂંટણીઓમાં દિલ્હીનાં શીખવિરોધી રમખાણોને વારંવાર ચગાવ્યા અને ખાલીસ્તાનની ઠરી રહેલી આગને હવા આપી ભડકાવી છે. મોદીએ ચૂંટણીઓ જીતવા દેશની એકતામાં ફાચર મારવાનો જ ધંધો કર્યો છે. અસલી ગુનેગાર કોણ? એ વિચારી લેજો.

**સુરત - જીતેન્દ્ર પાનવાલા**

### બ્રેકીંગ ન્યૂઝ ધરમપુરના

એક સમયના એશિયા ધરમપુરના મોટામાં મોટા તાલુકાની ઓળખ ધરાવતું હતું. ધરમપુર રજવાડાના રાજનગર એવા જંગલ પછાત અને આદિવાસી બાહુલ વિસ્તાર ગણાતો. આજના ઝળહળતા આઈ.ટી. યુગમાં બ્રેકીંગ ન્યુઝ જેવા શબ્દોનું મહત્ત્વનું સ્થાન છે તેવું બન્યું પણ ખરું. અહીંની સ્વર્ગવાહિની નદી ઉપરના પુલને પાડીને નવો બનાવ્યા પછી ઉદઘાટન માટે અટકી રહ્યો. નેતા અને તેના ગજાને માપમાં દોઢ વર્ષથી ત્રાસેલી પ્રજાએ કોઈ માલજાનની પરવા વગર અપને આપ લોકાર્પણ કરીને લોકશાહીનું સાચું ઉદાહરણ બનાવ્યું છે.

**ધરમપુર - ધીરુ મેરાઈ**

### વડાપ્રધાનની ઈજ્જતના શેર ગગડી રહ્યા છે

મોદીએ સત્તા પર ચાલુ રહેવા જાતજાતના અને ભાતભાતના તઘલખી નિર્ણયો લેવા માંડયા. તેણે જનતાની આવકો વધે, શિક્ષણ વધે, સ્વાસ્થ્ય વધે, જનતાની બુધ્ધિશકિત વધે એવા કોઈ પગલાં ભર્યાં નથી. તેની સરખામણીમાં વડોદરાના રામ ગાયકવાડ તો અભણ જેવા હતા પણ જનતાની બુધ્ધિશકિત વધે તે માટે ગામે ગામ નિશાળ, વાચનાલયો, ટેલીફોનો, ચોરા બનાવ્યા. આમે તો આદિવાસી વિસ્તારોની નિશાળો બંધ કરાવી, હનુમાનનાં મંદિરોને ઉત્તેજન આપ્યું, છેલ્લે શબરીનું પણ મંદિર બંધાવ્યું, પૂતળાં બનાવ્યાં, જાણે પૂતળાંઓમાંથી અદ્દશ્ય શકિતનો સંચાર જનતામાં થશે, તેમની ઉત્પાદનશીલતા વધશે, ખેતી, ઉદ્યોગોનું ઉત્પાદન વધશે પણ એવું કાંઈ થયું નહીં. ઉલટું ચીનથી તૈયાર માલ લાવવાનું કામ જોશબંધ ચાલુ કરી દીધું, આજે આપણી વેપાર ખાધ ચીનની સાથે ભયંકર હદે ઊંચી થતી ગઈ છે.

તેને જનતાને ઉંચે લાવવામાં કોઈ રસ જ નથી. માત્ર ચૂંટણીઓ જીતવી, બે ત્રણ સીટ આવી હોય છતાં પૈસા સત્તાની ઉથલપાથલ બ્લેકમેલ ધાકધમકી, ઈવીએમમાં ઘાલમેલ કરી સરકારો બનાવવામાં અને વિપક્ષની સરકારો ભ્રષ્ટાચાર આચરી ધારાસભ્યોને ફોડી તેવી સરકારો ગબડાવવામાં અને ભાજપને સત્તા પર બેસાડવામાં જ રસ છે.

તે હંમેશા 7000 કરોડવાળા વિમાનમાં ફર્યા કરે છે, કળશીયે જાય ત્યાં પણ પ્લેન વાપરતા લાગે છે. કોઈ વાર ગુફામાં બેસી જઈ સન્યાસી બન્યાનું કે મંદિરોમાં જઈ કિંમતી વસ્ત્રો પહેરી ફોટા પડાવવા અને હવે તો ઢોલ વગાડવામાં જ તે જીવનનું ધ્યેય હોય એમ લાગે છે. ત્યારે સરકારી કંપનીઓ, એરપોર્ટો પોતાના મિત્રને મફતના ભાવમાં વેચ્યાની ડંફાસ મારવાનું હજી ચાલુ કર્યું નથી! વિપક્ષના નેતાઓને ઈડીની કચેરીમાં બોલાવી કલાકો સુધી તેમની પૂછપરછ નહીં, મેસ્મેરીજન થતું લાગે છે અને સાક્ષીઓ, આરોપીઓનો ધમકાવી વિપક્ષના નેતાઓને સંડોવતા કાગળો પર સહી કરાવવામાં આ મહાશય પ્ર. મં. તરીકે પોતાની લાયકાત પુરવાર કરે છે. આ બધું છાપામાં આવતું નથી. ટી.વી. ચેનલો તેના મિત્રોએ ખરીદી લીધી છે છતાં વડાપ્રધાનની ઈજ્જતના શેરના ભાવ અદાણીના શેરના ભાવની જેમ ગગડી રહ્યા છે.

**સુરત - ભરત પંડ્યા**

### અપ-ટુ-ડેટ

આધુનિક યુગમાં ફેશનની બોલબાલા છે. વસ્ત્રો અને આભૂષણોમાં પણ રોજબરોજ નવી ફેશન આવે છે. ફિલ્મી કલાકરોની ફેશન તરત જ અમલમાં આવે છે. લગ્નમાં હાજર સૌ, વરરાજા-વરરાણી જેવાં દેખાય. બ્યુટીપાર્લર હવે માત્ર સ્ત્રીઓ માટે સીમિત રહ્યું નથી. ફેશનમાં પુરુષ કેમ પાછળ રહી જાય? ફેશનની દુનિયામાં પરિવર્તનનો દોર ચાલે છે, જેમાં યુવાવર્ગની સામેલગીરી વધારે હોય એ સ્વભાવિક છે.

અલબત્ત,મોર્ડન દેખાવું સૌને ગમે. આજે તો ખાવા-પીવામાં, પહેરવેશ બધામાં અદ્યતન જોઈએ. સાંપ્રત સમયનું, છેલ્લામાં છેલ્લી ઢબનું હોય તે પહેરવું-ખાવું અને બોલવું સ્વીકારીએ પણ આચરણમાં શૂન્ય! વિચારોમાં પોતાને અપ-ટુ-ડેટ કરવાથી આચરણ સુધરે છે. નવું નવું જ્ઞાન પણ મેળવવું જોઈએ. વિચારોમાં એટલે કે જ્ઞાનમાં વધારો કરવાથી આચરણ સુધરે છે.

જ્ઞાન એ વિવેક છે. છેલ્લામાં છેલ્લી માહિતીની જાણકારી હોય તો તેને અપ ટુ ડેઈટ, આધુનિક-નવીન અને તાજું કહી શકાય. પહેરવેશ માત્ર અર્વાચીન હોય અને વિચારોમાં કે જ્ઞાનમાં કોઈ જ પરિવર્તન ન હોય તો તે, સાંપ્રત સમયની દોડમાં પાછળ રહી જાય છે. ચાલો, જ્ઞાનમાં વધારો કરી વિવેકપૂર્વક આચરણ કરીને માનવધર્મનું પાલન કરીએ.

**નવસારી- કિશોર આર. ટંડેલ**

### સરકાર પ્રમાણિક રીતે કામનો હિસાબ આપે

આપણા દેશનાં પ્રધાનોના વિદેશ પ્રવાસના ખર્ચા, જાહેર રેલી અથવા ચૂંટણી પહેલાંનાં જાહેર સભાના ખર્ચા લાખો અને કરોડોમાં થાય છે. ઈડી અને સીબીઆઈ દ્વારા દરોડામાં લાખો અને કરોડોની બેનામી રકમો પકડાય છે.

પેટ્રોલ-ડીઝલ જેવા પર વેટ લગાવી સરકારને લાખો રૂ.ની આવક થાય છે. વળી જી.એસ.ટી. દ્વારા પણ માતબર આવક થાય છે. સરકારી કર્મચારીની આવક પર ઈન્કમટેક્ષ લગાવી સારી આવક થાય છે. નાના મોટા વેપારીઓ પર ટેક્ષ લગાવી આવક મેળવે છે. આમ સરકારને અબજો રૂ.ની આવક થાય છે. પ્રજાનો સેવક કહેવડાવતા નેતાઓ, મંત્રીઓ પોતાના મત વિસ્તારમાં જઈ ચૂંટણી ટાણે આપેલાં વચનો પ્રમાણે કામ થાય છે યા નહીં ? દરેક લોકસેવક પોતાના અંતરાત્માને પૂછે તો ઘણું. હાલમાં સરકાર પ્રદૂષણ અટકાવવા ઈલેક્ટ્રીક વાહનો વાપરવા પર ભારપૂર્વક જણાવે છે.

જીટીઆરઆઈનાં રિપોર્ટ મુજબ બેટરી મેન્યુફેક્ચરિંગ, ડિસ્પોઝલ અને ચાર્જિંગ કે ઈલેક્ટ્રીક વ્હીકલ, ઈવીના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતું 70% મટીરિયલ ચીન અને અન્ય દેશમાંથી મંગાવવું પડે છે. ત્યારે ભારતમાં જ આવી ટેકનોલોજી કુશળતા મેળવવા અદ્યતન કોલેજો કે આઈ.ટી.આઈ. જેવી સંસ્થા શા માટે આપણા દેશમાં શરૂ કરતી નથી? શું આપણા દેશનાં યુવાનો આવી ટેકનોલોજીમાં કુશળતા ન મેળવી શકે?

**નવસારી - એન.ગરાસિયા**